**શ્રી ઈશ્વરભાઈ પરમાર**

**માન.ધારાસભ્યશ્રી,બારડોલી**

**માન.અધ્યક્ષશ્રી,**

અંદાજપત્રની સામાન્ય ચર્ચા સબંધે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ બાબતે મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજુ કરવા ઉપસ્થિત થયો છું.

**માન.અધ્યક્ષશ્રી,**

ડૉ. બાબાસાહેબ આંબેડકરે તા. ૨૫/૦૪/૧૯૪૯ના રોજ બંધારણ સભા સમક્ષ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે,

**"રાષ્ટ્ર તરીકે આપણે માત્ર રાજકીય લોકશાહીથી સંતોષ ન માનવો જોઈએ, રાજકીય લોકશાહીમાં સામાજિક લોકશાહી ન હોય તો તે લોકશાહી ટકતી નથી."**

તેમણે જે આદર્શ, જીવનના ધ્યેય તરીકે નજર સમક્ષ રાખ્યો હતો તેને ચરિતાર્થ કરવો તેઆ જના યુગની માંગ છે. સરકારે નક્કર, પરિણામલક્ષી અને જવાબદારી સાથે પ્રજાલક્ષી વિકાસ કામો મકકમતાથી કરવાનો નિર્ધાર કર્યો છે.

ભારતીય સંવિધાનના ઘડવૈયા અને સ્વતંત્ર ભારતના અધિનાયક ડૉ. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરે દરેક ભારતીયને કોઈપણ જાતના ભેદભાવ વિના ભારતીય સંવિધાન દ્વારા આપેલા અધિકારોને સાર્થક કરવા આદરણીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી આ સરકાર સંકલ્પબદ્ધ છે.

વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્યની એમ પંચશક્તિ આ સરકારની અગ્રતા છે. જેમાંથી પછાત વર્ગના લોકો, મહિલાઓ અને બાળકો વંચિત ન રહે તેવા નિર્ણયોના અમલીકરણ માટે અમારી સરકાર પ્રતિબધ્ધ છે.

વિશ્વનું સૌથી શ્રેષ્ઠ બંધારણ એટલે ભારતનું બંધારણ. એ બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, જ્યારે કોઈ શહેર, રાજ્ય કે દેશની વિકાસ યાત્રામાં (ધારામાં) મુખ્ય પ્રવાહમાં આર્થિક રીતે પછાત અને નબળા વર્ગને જોડીએ તો તે રાજ્ય અને દેશનો શ્રેષ્ઠ વિકાસ થાય છે અને એ જ વિચારધારાને વરેલી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અમારી સરકારે અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, સામાજિક ઉત્કર્ષ, આર્થિક ઉત્કર્ષ, ગૃહ નિર્માણ માટે જુદી -જુદી યોજનાઓ અમલમાં મૂકેલ છે.

શિક્ષણ માટે પ્રિ અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, ભોજન બીલ સહાય, એમ. ફીલ અને પી.એચ.ડી સહાય, વિદેશ અભ્યાસ સહાય, મેડીકલ/એન્જીનીયરીંગ/ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય યોજનાઓ અમલમાં મુકેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

પ્રિ અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની વાત કરૂં તો છેલ્લા ૧૦ વર્ષમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૪ કરોડ ૬૨ લાખ વિદ્યાર્થીઓને રૂા. ૨,૪૩૧ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે.

ગણવેશ સહાય પેટે છેલ્લા ૧૦ વર્ષમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કુલ ૩ કરોડ ૯૮ લાખ વિદ્યાર્થીઓને રૂા. ૧,૮૬૮ કરોડની માતબર સહાય ચૂકવવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે તેઓને આર્થિક મદદરૂપ થવા વિદેશ અભ્યાસ લોન યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કુલ ૪,૯૩૪ વિદ્યાર્થીઓને રૂા. ૫૧૯ કરોડની લોન ચૂકવવામાં આવી છે.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને પોતાનો અભ્યાસ કરી શકે તે માટે સરકારી છાત્રાલયો, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓની યોજના અમલમાં છે. જે અંતર્ગત ૧૪૧ સરકારી છાત્રાઓ ૧,૩૨૪ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો ૫૭ આદર્શ નિવાસ શાળાઓ તથા ૧૭૩ આશ્રમ શાળાઓ કાર્યરત છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નિવાસ કરે છે, અભ્યાસ કરે છે.

**તદ્ઉપરાંત માન. અધ્યક્ષશ્રી,**

માન. વડા પ્રધાનશ્રી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે વિદ્યાર્થીઓને રહેવા–જમવા માટે અતિ આધુનિક સુવિધા ધરાવતા સ્વામી વિવેકાનંદ સમરસ છત્રાલય બાંધવાનો સંકલ્પ કર્યો હતો. આ સંકલ્પને સિદ્ધ કરવા પ્રાથમિક તબક્કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, આણંદ, ભુજ, જામગર, હિંમતનગર, પાટણ, ખાતે કન્યા અને કુમાર મળી ૨૦ અદ્યતન સુવિધામાં સમરસ છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં ૧૩,૦૦૦ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા ખાતામાં દિવ્યાંગો, વૃધ્ધો એ બાળકો માટે જુદી–જુદી યોજનાઓ જેવી કે દિવ્યાંગ શિષ્યવૃત્તિ, દિવ્યાંગને એસ.ટી.બસમાં મફત મુસાફરી, દિવ્યાંગ સાધન સહાય, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ આર્થિક સહાય યોજના, પાલક માતા–પિતા યોજના, મિશન વાત્સલ્ય યોજના, કેદી સહાય યોજના જેવી યોજનાઓ દિવ્યાંગો, વૃદ્ધો અને બાળકોના કલ્યાણ માટે અમલમાં છે.,

આ સંબંધે દિવ્યાંગ લગ્ન સહાય યોજના વિશે વાત કરૂં તો, આ યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યકિત લગ્ન કરે તો રૂા. ૧ લાખ અને સામાન્ય વ્યકિતથી દિવ્યાંગ લગ્ન કરે તો રૂા. ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦ હજાર ૪૪૨ લાભાર્થીઓને રૂા. ૪૯ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

દિવ્યાંગને એસ.ટી.બસમાં મફત મુસાફરી યોજના અંગે જણાવું તો, ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિતને ગુજરાત રાજ્યની તમામ પ્રકારની બસોમાં વિનામૂલ્યે મુસાફરી કરવાનો લાભ આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૩ લાખ ૬૮ હજાર ૧૩૯ લાભાર્થીઓને રૂા. ૨૯૫ કરોડની સહાય આપેલ છે.

નિરાધાર વૃધ્ધો તથા દિવ્યાંગોના કલ્યાણ માટે નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૨૧ વર્ષનો પુત્ર ન હોય તેવા સ્ત્રી કે પુરૂષ ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધો તમજ ૪૫ વર્ષથી વધુ વય તથા ૭૫ ટકા અશક્ત દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને તથા પુત્ર માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટી.બી.જેવી

ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા ૬૦ થી ૭૯ વર્ષના વૃદ્ધોને રૂા. ૧૦૦૦/- અને ૮૦ વર્ષ કે તેથી વધુ વયના લાભાર્થીને રૂા. ૧૨૫૦/- માસિક સહાય આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં વાર્ષિક કુલ - ૧,૬૨,૭૭૫ લાભાર્થીઓને રૂા. ૯૬૪.૪૦ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

રાષ્ટ્રીય કુટુંબ આર્થિક સહાય યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબના મૃત્યુ પામનાર પુરૂષ કે સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોય તેવા કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થાય તો તેમના વારસદારને તાત્કાલિક રૂા. ૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૭૧,૮૯૧ લાભાર્થીઓને રૂા. ૧૩૮.૮૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારે પાલક માતા માતા-પિતા યોજના અમલમાં મુકેલ છે જેમાં મા-બાપ વગરના અનાથ બાળકોને પાલક પિતાની સાર-સંભાળ સોંપી તેઓને ઘરના જેવું વાતાવરણ મેળવી આપવાનો છે. જેથી તેનો સારો વિકાસ અને ઘડતર થઇ શકે તે માટે બાળકની સંભાળ રાખતા નજીકના સગાને માસિક રૂા. ૩૦૦૦/- સહાય આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૯૫૫૦ લાભાર્થીઓને રૂા. ૩૬૭.૧૫ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા ગરીબો-વંચિતો-પીડિતોના વિકાસને પ્રાધાન્ય આપીને અનેક યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓ સમાજના નબળા વર્ગો, જરૂરીયાતમંદ લોકો જેવા કે અનાથ, નિરાધાર, બાળકો, દિવ્યાંગો, ટ્રાન્સજેન્ડર અને વૃદ્ધોને સંગીન પ્રયાસોથી રક્ષણ, શિક્ષણ અને તાલીમ આપીને પુન:સ્થાપન માટે વિવિધ રીતે કાર્યરત છે તે માટે **વર્ષ-2024/25ના અંદાજપત્રમાં સામાજિક ન્યાય અને અધિકારીતાવિભાગની યોજનાઓમાં રકમની ફાળવણીમાં મોટો વધારો કર્યો છે. આ માટે હું માન. નાણા મંત્રીશ્રી તથા માન. મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા**

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ₹૬૧૯૩ કરોડની જોગવાઇ

સમાજના જરૂરિયાતમંદ, નબળા અને વંચિત વર્ગને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો તે અમારી સરકારની પ્રાથમિકતા છે. અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગ અને લઘુમતીઓ જેવા વિવિધ સામાજિક વર્ગોનો સામાજિક ઉત્કર્ષ થાય અને તેઓ નવી આર્થિક તકોનો લાભ લઇ શકે, તેવી કલ્યાણકારી યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે. વૃદ્ધો અને દિવ્યાંગો જેવા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વર્ગો માટે પેન્શન યોજનાઓ પણ અમલમાં છે.

### સામાજિક ઉત્કર્ષ

- રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અને રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધો માટે આર્થિક સહાય યોજના અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા **₹૧૩૯૮ કરોડ**ની જોગવાઈ.
- સંત સુરદાસ યોજનાનો લાભ, બી.પી.એલ. કાર્ડ સિવાયના વ્યક્તિઓ તથા ૦ થી ૧૭ વર્ષની ઉંમરના લોકોને પણ આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના અને સંત સુરદાસ દિવ્યાંગ પેન્શન યોજના અંતર્ગત દિવ્યાંગોને પેન્શન આપવા કુલ **₹૮૭ કરોડ**ની જોગવાઈ.
- મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમિયા, ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિ જેવી ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને પણ માસિક પેન્શન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનો દિવ્યાંગ) ૭૦ હજાર લાભાર્થીઓને માસિક પેન્શન આપવા માટે **₹૮૪ કરોડ**ની જોગવાઈ.
- દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં નિ:શુલ્ક મુસાફરી આપવાની યોજના હેઠળ પાર્કિન્સન, હિમોફિલિયા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમિયા, ક્રોનિક ન્યુરોલોજિકલ જેવી દિવ્યાંગતામાં તેમની સાથે તેમના સહાયકને પણ ૧૦૦% નિ:શુલ્ક મુસાફરીનો લાભ આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. દિવ્યાંગજનોને સાધન સહાય તથા એસ.ટી. બસમાં નિ:શુલ્ક મુસાફરીનો લાભ આપવા **₹૬૫ કરોડ**ની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૬૧ હજાર કન્યાઓને મામેરા માટે સહાય આપવા **₹૭૪ કરોડ**ની જોગવાઇ.
- પાલક માતા–પિતા યોજના હેઠળ નિરાધાર બાળકોને માસિક ધોરણે આર્થિક સહાય આપવા માટે **₹૭૪ કરોડ**ની જોગવાઈ.

- પાલક માતા-પિતા અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ લેતી કન્યાઓના લગ્ન સમયે ₹૨ લાખની સહાય આપવા **₹૩૦ કરોડ**ની જોગવાઇ.
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં યુગલોને સહાય આપવા માટે **₹૨૦ કરોડ**ની જોગવાઇ.
- સંકટમોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબનાં મુખ્ય કમાનાર વ્યક્તિના દુ:ખદ અવસાન બાદ કુટુંબને સહાય માટે **₹૨૦ કરોડ**ની જોગવાઇ.
- સાતફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૫૦૦૦ યુગલોને સહાય આપવા **₹૮ કરોડ**ની જોગવાઇ.
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ **₹૭ કરોડ**ની જોગવાઇ.

**શૈક્ષણિક ઉત્કર્ષ**

- પી.એમ. યશસ્વી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ-૯, ૧૦ અને પોસ્ટ મેટ્રીકના અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે **₹૫૪૦ કરોડ**ની જોગવાઇ.
- ધોરણ-૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે **₹૩૬૦ કરોડ**ની જોગવાઇ.
- ધોરણ-૧ થી ૮ માં ભણતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૩૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે **₹૩૪૫ કરોડ**ની જોગવાઇ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તેમજ આશ્રમ શાળાઓમાં અંદાજે ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા-જમવા અને ભણવાની સવલત આપવા માટે **₹૩૩૫ કરોડ**ની જોગવાઇ.
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૧૦૦૦ વિદ્યાર્થીઓને લોન આપવા માટે **₹૧૫૨ કરોડ**ની જોગવાઇ.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૫૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવા માટે **₹૮૪ કરોડ**ની જોગવાઇ.

**આર્થિક ઉત્કર્ષ**

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગો માટે વિવિધ શૈક્ષણિક ધિરાણ અને સહાયની યોજનાઓ માટે **₹૬૦૦ કરોડ**ની જોગવાઇ.
- અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમને રાજય સરકારના ફંડમાંથી લાભાર્થીઓને ધિરાણ આપવા માટે **₹૨૫૦ કરોડ**ની જોગવાઇ.
- માનવ ગરિમા યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને વિનામૂલ્યે સ્વરોજગારીના સાધનો આપવા માટે **₹૫૯ કરોડ**ની જોગવાઇ.

**અન્ય**

- ડૉ. આંબેડકર આવાસ યોજના અને પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મકાન બાંધવા સહાય આપવા માટે **₹૨૪૩ કરોડ**ની જોગવાઇ.
- ₹૧૨૨ કરોડના ખર્ચે બનનાર સરકારી કુમાર અને કન્યા છાત્રાલય અને આદર્શ નિવાસી શાળા માટે અદ્યતન સુવિધા સાથેના નવા મકાનો બાંધવા માટે પ્રથમ તબક્કે **₹૪૦ કરોડ**ની જોગવાઇ.
- ₹૬૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૪ નવા સમરસ કન્યા છાત્રાલયોના બાંધકામ માટે **₹૨૨ કરોડ**ની જોગવાઇ.
- પાંચ નવા ચિલ્ડ્રન હોમ બનાવવા માટે **₹૧૫ કરોડ**ની જોગવાઈ.

**આદિજાતિ વિકાસ**

**આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૪૩૭૪ કરોડની જોગવાઇ**

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં યોજનાઓ હાથ ધરી વનબંધુઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે સરકાર કાર્યરત છે. વ્યક્તિલક્ષી યોજનાઓ સાથે આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય સગવડો ઉભી થાય તે માટે સરકારે પ્રયત્નો કર્યા છે. શૈક્ષણિક અને આર્થિક વિકાસની વિવિધ યોજનાઓ થકી આદિજાતિ પરિવારોને આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાના ક્ષેત્રે લાભ આપવામાં આવી રહેલ છે.

**શૈક્ષણિક ઉત્કર્ષ**

- આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને ઈ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે **₹૭૩૫ કરોડ**ની જોગવાઈ.
- અંદાજે ૨ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ આપવા **₹૫૮૪ કરોડ**ની જોગવાઈ.
- આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્શીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલ્સના બાંધકામ માટે **₹૫૩૯ કરોડ**નું આયોજન.
- સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના ૭૦ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા **₹૨૬૯ કરોડ**ની જોગવાઈ.
- સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાના બાંધકામ માટે **₹૨૫૫ કરોડ**ની જોગવાઈ.
- પ્રિ-મેટ્રિકના આશરે ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા **₹૧૭૬ કરોડ**ની જોગવાઈ.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત **₹૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતાં અંદાજે ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે **₹૧૨૦ કરોડ**ની જોગવાઈ.
- અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત ૩૯૦૦ વિદ્યાર્થીઓ માટે **₹૨૩ કરોડ**ની જોગવાઇ.
- ધો.૯ માં અભ્યાસ કરતી અંદાજે ૩૯ હજાર વિદ્યાર્થીનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા **₹૨૧ કરોડ**ની જોગવાઈ.